सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૨૯/૦૭/૨૦૨૫ |
| કેસ રજી.લીધા તા. | ૨૯/૦૭/૨૦૨૫ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૧૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ : |

-------------------------------------------

**પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

-------------------------------------------

**ફોજદારી કેસ નં.૨૯૮૯/૨૦૨૫**
**આંક-૨૪**

**શ્રી સ ર કા ર** **.....ફરીયાદી**

**-: વિરૂધ્ધ :-**

**(૧) અનીલ સવજીભાઇ ધોકીયા**
**(૨) મંજુલાબેન વા/ઓ સવજીભાઇ ધોકીયા**
**(૩) કૃણાલભાઇ સવજીભાઇ ધોકીયા**
**(૪) ખુશ્બુબેન વા/ઓ કૃણાલભાઇ સવજીભાઇ ધોકીયા**
**રહે. તમામ વડવાળા ગામ મોમાઇ નીવાસ,**
**અબાબાપુની જગ્યા પાસે**
**તા. જિ. દેવભુમી દ્વારકા** **.....આરોપીઓ**

**ગુનો : આઇ.પી.સી. કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ**

-------------------------------------------

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પરમાર**
**શ્રી આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી. જી.કે. સાદીયા**

-------------------------------------------

**-: ઠ રા વ :-**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ ફરિયાદીના પતિ થતા હોય તથા આરોપી ન. ૨ સાસુ થતા હોય તથા આરોપી નં. ૩ દિયર થતા હોય તથા આરોપી નં. ૪ દેરાણી થતા હોય જે તમામ આરોપીઓએ આસરે બે વર્ષ અને ૧૧ મહિના પહેલા આ કામના ફરિયાદીને નાનીનાની વાતમાં તથા ઘરકામ બાબતે શારીરીક

માનસીક દુ:ખ ત્રાસ આપી, ભુંડી ગાળો કાઢી, માર મારી એકબીજાને મદદગારી કરી આઇ.પી.સી. કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાની ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ તથા આંક–૦૪ થી આંક–૦૭ સુધી પ્લી લેવામાં આવતા આરોપીઓએ તેની સામેના ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :–**

| | |
|---|---|
| **આંક–૦૯** | **ફરિયાદી ગીતાબેન અનીલભાઇ ધોકીયાની જુબાની** |
| **આંક–૧૦** | **ફરિયાદ** |
| **આંક–૧૨** | **સાહેદ કારાભાઇ નથુભાઇ છાંચાની જુબાની** |
| **આંક–૧૩** | **સાહેદ ચંપાબેન કારાભાઇ છાંચાની જુબાની** |
| **આંક–૧૫** | **સાહેદ નિલેષભાઇ કારાભાઇ છાંચાની જુબાની** |
| **આંક–૧૬** | **સાહેદ ભારતીબેન રવિભાઇ ટુકડીયાની જુબાની** |
| **આંક–૧૯** | **સાહેદ રમણીકભાઇ સુરાભાઇ ગોહેલની જુબાની** |
| **આંક–૨૧** | **ત.ક.અ. અંકિતકુમાર અરજનભાઇ ડોડીયાની જુબાની** |
| **આંક–૨૨** | **તપાસ સંભાળ્યાનો ડેપ્યુટ હુકમ** |

(૪) આરોપીઓ સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, અમારી સામે ખોટી ફરિયાદ કરેલ છે, અમો નિર્દોષ છીએ તેમજ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૫) ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.પરમાર તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી જી. કે. સાદીયાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય-નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧ ફરિયાદીના પતિ થતા હોય તથા આરોપી ન. ૨ સાસુ થતા હોય તથા આરોપી નં. ૩ દિયર થતા હોય તથા આરોપી નં. ૪ દેરાણી થતા હોય જે તમામ આરોપીઓએ આસરે બે વર્ષ અને ૧૧ મહિના પહેલા આ કામના ફરિયાદીને નાનીનાની વાતમાં તથા ઘરકામ બાબતે શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપી, ભુંડી ગાળો કાઢી, માર મારી એકબીજાને મદદગારી કરી આઇ.પી.સી. કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?** |
| (૨) | **શું હુકમ ?** |

(૭) ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ** |

## -: કારણો :-

**ફરીયાદીનો પુરાવો :-**

(૮) આ કામે ફરીયાદ પક્ષે **આંક-૦૯ થી ફરીયાદી ગીતાબેન અનીલભાઇ ધોકીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ફરીયાદી તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવો પુરાવો આપે છે કે, મારા લગ્ન ગઈ તા.૨૬/૧/૨૦૨૨ ના રોજ રાણાવાવ મુકામે અમારી જ્ઞાતીના રીવાજ મુજબ વડવાળા ગામના સવજી નારણભાઈના દિકરા અનીલ ધોકીયા સાથે થયેલ હતા. મારા લગ્ન બાદ હું મારા સાસરે વડવાળા મુકામે મારા પતિના કુંટુંબમાં રહેવા ગયેલ અને મારા સાસરા પક્ષમાં મારા સાસુ-સસરા, મારા પતિ અને મારા દિયર અને દેરાણી સાથે સંયુકત કુટુંબમાં રહેતા હતા અને એકાદ મહીના

બાદ મારા સાસરા વાળા બધા મને મેણા ટોણા મારી જેમતેમ બોલતા હતા અને કરીયાવરની અવાર નવાર માંગણી કરતા હતા. મારા સાસુ મને મેણા ટોણા મારી ભુંડી ગાળો આપી મારકુટ કરતા હતા અને મારા દિયર કૃણાલ મને વારંવાર અડપલા કરતા હતા તથા મને આ બધા મા–બાપ ઉપર ગાળો આપતા અને કરીયાવરમાં કાંઈ લાવેલ નથી તેવા મેણા ટોણા મારતા હતા આ રીતે મારા સાસરીયાઓ દુ:ખત્રાસ આપતા દોઢેક મહીના સહન કરેલ અને ત્યારબાદ મારે સહન ન થતા મે મારા બાપુજીને ફોન કરી આ દુ:ખત્રાંસની વાત કરેલી. ત્યારપછી મારા બાપુજી અને મારુ લગ્ન કરાવનાર વચેટીયાઓ અને જ્ઞાતીજતો અમારા ઘરે આવેલ અને તેઓએ આવીને મારા સાસરાવાળાઓને સમજાવેલા પરંતુ મારા સાસરીયા વાળાઓ સમજેલ નહી અને મારા સાસરીયા વાળાએ મારા કપડા તથા દર દાગીના લઈ લેતા હું ત્રણ કપડા પહેરેલ કપડે મારા પિતા સાથે મારા માવતરે જતી રહેલ. ત્યારપછી મે મારા પતિ વિરુધ્ધ ભરણ પોષણનો કેસ કરેલ જેમાં નામ.ફેમીલી કોર્ટે રૂ.૭૦૦૦/– મંજુર કરેલ છે. મારા સાસરીયા વાળાઓએ મારા કરીયાવરનો સામાન તથા દર દાગીના પરત આપેલ નહીં જેથી મે માધવપુર પોલીસ સ્ટેશને જઈ હાલની ફરીયાદ આપેલી.

જયારે સદરહું ફરીયાદીએ આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં મારી સરતપાસમાં જણાવેલ હકીકત "મારા દિયર કૃણાલ મને વારંવાર અડપલા કરતા હતા'' તેવુ લખેલ નથી. સાહેદ જણાવે છે કે મે પોલીસને લખાવેલ પરંતુ પોલીસે લખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ લખાઈ ગયાબાદ મે તેમા મારી સહી કરેલ છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં પોલીસે મારી તમામ વિગત લખેલ નથી તેવો શેરો મારેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદની એક નકલ મારી પાસે હતી જે આજરોજ હું વાંચીને આવેલ છુ. એ વાત ખરી છે કે આજરોજ જુબાની આપતા પહેલા મારા વકીલ સાહેબને મળેલી. એ વાત ખરી નથી કે વકીલ સાહેબે જુબાનીમાં શું લખાવાનુ તે સિખવેલુ. એ વાત ખરી છે કે કેસ દાખલ કરતા પહેલા મારા વકીલ સાહેબે કેસ દાખલ કરવો પડશે તેવી સલાહ આપેલી તેથી હાલની ફરીયાદ કરેલી છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં "હું મારા વકીલને મળતા મારા વકીલશ્રીએ મને જણાવેલ કે તમારો

કરીયાવર તથા ઘરેણા મેળવવા માટે પહેલા ફરીયાદ દાખલ કરવી પડશે ત્યારબાદ આપણે કોર્ટમાં દાવો દાખલ કરશુ તેમ જણાવેલું તેથી આજરોજ હું મારા પિતાજી કારાભાઈ નથુભાઈ છાંયા સાથે માધવપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છુ" તેવુ લખેલ છે. એ વાત ખરી છે કે મે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળ જે અરજી કરેલી તેમા મને ઘરભાડાની રકમ રૂ.૨૦૦૦/– દર મહીને ચુકવી આપવા તેવો હુકમ થયેલ છે. એ વાત ખરી છે કે મે કરેલ ભરણ પોષણની અરજી તથા ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની અરજી લગત મને મારા કરીયાવરની વસ્તુઓ પરત મળેલ ન હોય તેથી મે હાલની ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે મે મારા પતિ પાસેથી છુટાછેડા લેવા માટે રૂપીયા દસ લાખની માંગણી કરેલી અને તે માંગણી મુજબ મને પૈસા આપેલ ન હોય તેથી મે દબાણ કરવા માટે હાલની ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે મારા સાસુ–સસરા તથા મારા પતિ અને દિયર તથા દેરાણી નાની નાની વાતોમાં મેણા ટોણા મારી ભુંડી ગાળો આપી માર મારતા ન હોવા છતા ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ મારી પાસે કોઈ કરીયાવરની માંગણી કરેલ હોવાનું તથા કરીયાવર ઓછુ લાવેલ હોવાના મેણા ટોણા મારેલ હોવાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે મે પોલીસ સ્ટેશનમાં મારા વકીલ સાહેબે તૈયાર કરેલ ફરીયાદમાં સહી કરીને આપેલી છે. એ વાત ખરી નથી કે મે મારા કરીયાવરનો તમામ સામાન અગાઉથી મેળવી લીધેલ હોવા છતા આરોપીઓએ મને આપેલ ન હોવાનું ખોટુ જણાવેલ છે.

**<u>સાહેદોનો પુરાવો :–</u>**

(૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૨ થી સાહેદ **કારાભાઈ નથુભાઈ છાંયા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, મારી દિકરી ગીતાના લગ્ન ગઈ તા.૨૬/૧/૨૦૨૨ ના રોજ રાણાવાવ મુકામે અમારી જ્ઞાતીના રીવાજ મુજબ સમુહમાં થયેલા.મારી દિકરીના લગ્ન ધ્વારકા જીલ્લાના વડવાળા ગામના અનીલ સવજીભાઈ ધોકીયા સાથે થયેલા અને લગ્નબાદ મારી દિકરી વડવાળા પોતાના સાસરીયા સાથે રહેવા ગયેલ હતી અને મારી દિકરી થોડો સમય સારી રીતે રહેલ ત્યારબાદ મારી દિકરીનો મને ફોન આવેલો અને જણાવેલ કે મારી દિકરીને મારો જમાઈ, સાસુ મંજુબેન

તથા દિયર કૃણાલ અને દેરાણી આ બધા ભેગા થઈને મારી દિકરીને દુ:ખત્રાસ આપતા હતા અને આ લોકો મારી દિકરીને મારકુટ કરતા હતા અને પોતે આરામ કરતા હતા અને મારી દિકરી પાસે બધુ જ કામ કરાવતા હતા અને કરીયાવર બાબતે મેણાટોણા મારી માનસીક દુ:ખત્રાંસ આપતા આ દુ:ખત્રાસ મારી દિકરીથી સહન ન થતા મને ફોન કરી વાત કરતા આ લગ્ન કરાવનાર વચેટીયા રમણીકભાઈ ગોહેલ તથા હું વડવાળા મુકામે મારી દિકરીને તેડવા માટે ગયેલા અને અમોએ અમારી દિકરીના સાસરીયા વાળાઓને સમજાવા છતા તેઓ સમજેલ નથી જેથી અમો મારી દિકરીને લઈને ગોરસર ગામ પરત આવી ગયેલા અને થોડો સમય સમાધાન અંગે રાહ જોઈ અને સમાધાન ન થતા મારી દિકરીએ મહીલા અને બાળ સુરક્ષા ખાતામા અરજી આપેલી તથા ફેમીલી કોર્ટમાં ભરણપોષણ અંગે અરજી કરતા નામ.કોર્ટ દવારા રૂ.૭૦૦૦/- માસીક ભરણ પોષણ મંજુર થયેલા હતા. ત્યારપછી કરીયાવરનો સામાન પરત ન આપતા મારી દિકરીએ આ દુ:ખત્રાસ અંગે પોલીસ ફરીયાદ કરેલી.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત સ્વીકારેલ છે કે, મારી દિકરી પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા માટે ગયેલ ત્યારે પોલીસે મારી પણ પુછપરછ કરેલી. હું સાત (૭)ધોરણ પાસ છુ અને મને વાંચતા અને લખતા આવડે છે. મે પોલીસમાં જે નિવેદન લખાવેલુ તે મે વાંચેલ છે. એ વાત ખરી છે કે મારી દિકરીને કરીયાવરનો સામાન સંસ્થા તરફથી આપવામાં આવેલ હતો. લગ્ન બાદ મારી દિકરી અંદાજે બે મહીના જેટલો સમય પોતાના સાસરીયા પક્ષમાં રહેલી. એ વાત ખરી છે કે મારી દિકરીને મારા ઘરે લઈ આવેલ ત્યારબાદ તેણી પોતાના સાસરીમાં ગયેલ નથી. સાહેદ જણાવે છે કે મારી દિકરીને કોઈ લેવા આવેલ નથી તેથી તેણી ગયેલ નથી. એ વાત ખરી છે કે મારી દિકરી મારા ઘરે આવ્યા બાદ આશરે અઢી વર્ષ પછી હાલની ફરીયાદ આપેલ છે.

સવાલ : તમારી દિકરીએ કરેલ ભરણ પોષણના કેસમાં થયેલ રૂ.૭૦૦૦/- તથા ડી.વી એકટની અરજી લગત મકાન ભાડાની રકમ રૂ.૨૦૦૦/- ના હુકમ મુજબની રકમ તમારી દિકરીને આપે છે?

જવાબ : કોઈ વખત આપે છે જયારે કોઈ વખત ન આપે.

એ વાત ખરી છે કે મારી દિકરીએ ફરીયાદ આપતા પહેલા અમારા વકીલ સાહેબે કેસ દાખલ કરવો પડશે તેવી સલાહ આપેલી તેથી હાલની ફરીયાદ મારી દિકરીએ કરેલી છે. એ વાત ખરી છે કે મારા નિવેદનમાં "અમારા વકીલશ્રીએ અમને જણાવેલ કે તમારો કરીયાવર તથા ઘરેણા મેળવવા માટે પહેલા ફરીયાદ દાખલ કરવી પડશે ત્યારબાદ આપણે કોર્ટમાં દાવો દાખલ કરશુ તેમ જણાવેલું" તેવુ લખેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ મારી દિકરીને કોઈ મારકુટ કરેલ નથી કે દુ:ખત્રાંસ આપેલ નથી કે તેણીના કરીયાવરનો સર સામાન લઈ લીધેલ નથી કે મારકુટ કરેલ નથી અને મેણાટોણા મારેલ નથી. એ વાત ખરી નથી કે મારી દિકરીને કરીયાવર બાબતે કોર્ટમાં દાવો દાખલ કરવો હોય તેના માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે.એ વાત ખરી નથી કે મારી દિકરીની ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૦) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૧૩ થી સાહેદ **ચંપાબેન કારાભાઈ છાંચાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, મારી દિકરી ગીતાના લગ્ન ગઈ તા.૨૬/૧/૨૦૨૨ ના રોજ રાણાવાવ મુકામે અમારી જ્ઞાતીના રીવાજ મુજબ સમુહ માં થયેલા.મારી દિકરીના લગ્ન ધ્વારકા જીલ્લાના વડવાળા ગામના અનીલ સવજીભાઈ ધોકીયા સાથે થયેલા અને લગ્નબાદ મારી દિકરી વડવાળા પોતાના સાસરીયા સાથે રહેવા ગયેલ હતી અને મારી દિકરી થોડો સમય સારી રીતે રહેલ ત્યારબાદ મારી દિકરીનો મને ફોન આવેલો અને જણાવેલ કે મારી દિકરીને મારો જમાઈ,સાસુ મંજુબેન તથા દિયર કૃણાલ અને દેરાણી આ બધા ભેગા થઈને મારી દિકરીને દુ:ખત્રાસ આપતા હતા અને આ લોકો મારી દિકરીને મારકુટ કરતા હતા અને પોતે આરામ કરતા હતા અને મારી દિકરી પાસે બધુજ કામ કરાવતા હતા અને કરીયાવર બાબતે મેણાટોણા મારી માનસીક દુ:ખત્રાસ આપતા આ દુ:ખત્રાસ મારી દિકરીથી સહન ન થતા મારા પતિને ફોન કરી વાત કરતા આ લગ્ન કરાવનાર વચેટીયા રમણીકભાઈ ગોહેલ તથા મારા પતિ વડવાળા મુકામે મારી દિકરીને તેડવા માટે ગયેલા અને તેઓએ મારી દિકરીના સાસરીયા વાળાઓને

સમજાવા છતા તેઓ સમજેલ નથી જેથી મારા પતિ મારી દિકરીને લઈને ગોરસર ગામ પરત આવી ગયેલ અને થોડો સમય સમાધાન અંગે રાહ જોઈ અને સમાધાન ન થતા મારી દિકરીએ મહીલા અને બાળ સુરક્ષા ખાતામાં અરજી આપેલી તથા ફેમીલી કોર્ટમાં ભરણપોષણ અંગે અરજી કરતા નામ.કોર્ટ દ્વારા રૂ.૭૦૦૦/– માસીક ભરણ પોષણ મંજુર થયેલા હતા. ત્યારપછી કરીયાવરનો સામાન પરત ન આપતા મારી દિકરીએ આ દુ:ખત્રાસ અંગે પોલીસ ફરીયાદ કરેલી.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત સ્વીકારેલ છે કે, મારી દિકરી પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા માટે ગયેલ ત્યારે પોલીસે મારી પણ પુછપરછ કરેલી. હું થોડુક ભણેલ છે અને વાંચતા કે લખતા થોડુ થોડુ આવડે છે બહુ નથી આવડતુ. એ વાત ખરી છે કે મારી દિકરીને કરીયાવરનો સામાન સંસ્થા તરફથી આપવામાં આવેલ હતો. લગ્ન બાદ મારી દિકરી અંદાજે બે મહીના જેટલો સમય પોતાના સાસરીયા પક્ષમાં રહેલી. એ વાત ખરી છે કે મારી દિકરીને મારા ઘરે લઈ આવેલ ત્યારબાદ તેણી પોતાના સાસરીમાં ગયેલ નથી. સાહેદ જણાવે છે કે મારી દિકરીને કોઈ લેવા આવેલ નથી તેથી તેણી ગયેલ નથી. એ વાત ખરી છે કે મારી દિકરી મારા ઘરે આવ્યા બાદ આશરે અઢી વર્ષ પછી હાલની ફરીયાદ આપેલ છે. એ વાત ખરી છે કે મારી દિકરીએ કરેલ ભરણપોષણના કેસમાં થયેલ રૂ.૭૦૦૦/– તથા ડી.વી એકટની અરજી લગત મકાન ભાડાની રકમ રૂ.૨૦૦૦/–ના હુકમ મુજબની રકમ મારી દિકરીને આપે છે. એ વાત ખરી છે કે મારી દિકરીએ ફરીયાદ આપતા પહેલા અમારા વકીલ સાહેબે કેસ દાખલ કરવો પડશે તેવી સલાહ આપેલી તેથી હાલની ફરીયાદ મારી દિકરીએ કરેલી છે. એ વાત ખરી છે કે મારા નિવેદનમાં "અમારા વકીલશ્રીએ અમને જણાવેલ કે તમારો કરીયાવર તથા ઘરેણા મેળવવા માટે પહેલા ફરીયાદ દાખલ કરવી પડશે ત્યારબાદ આપણે કોર્ટમાં દાવો દાખલ કરશુ તેમ જણાવેલું" તેવુ લખેલ છે.એ વાત ખરી નથી કે મે પોલીસમાં મારી દિકરીએ મહીલા મંડળમાં અરજી કરેલ છે તેવુ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ મારી દિકરીને કોઈ મારકુટ કરેલ નથી કે દુ:ખત્રાંસ આપેલ નથી કે તેણીના કરીયાવરનો સર સામાન લઈ લીધેલ નથી કે મારકુટ કરેલ નથી અને મેણાટોણા મારેલ નથી. એ વાત ખરી

નથી કે મારી દિકરીને કરીયાવરબાબતે કોર્ટમાં દાવો દાખલ કરવો હોય તેના માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે મારી દિકરીની ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૧૫ થી સાહેદ **નિલેષભાઇ કારાભાઈ છાંયા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, મારી નાના બહેન ગીતાના લગ્ન ગઈ તા.૨૬/૦૧/૨૦૨૨ ના રોજ રાણાવાવ મુકામે અમારી જ્ઞાતીના રીવાજ મુજબ સમુહમાં થયેલા. મારી બહેનના લગ્ન ધ્વારકા જીલ્લાના વડવાળા ગામના અનીલ સવજીભાઈ ધોકીયા સાથે થયેલા અને લગ્નબાદ મારી બહેન વડવાળા પોતાના સાસરીયા સાથે રહેવા ગયેલ હતા અને મારી બહેનને એકાદ મહીનો બરોબર ચાલેલુ ત્યારબાદ મારી બહેન ગીતાનો ફોન આવેલો અને અમોને જણાવેલ કે, મારી બહેનના સાસરીયા વાળોઓ માનસીક દુ:ખત્રાસ આપે છે અને ગાળો આપતા અને સંભરામણી કરી મારકુટ પણ કરતા હતા. ત્યારબાદ મારા બહેનનો ફોન આવતા મારા પિતા મારી બહેનને તેડવા માટે ગયેલા અને મારી બહેનને તેડી લાવેલ અને ત્યારબાદ મારી બહેને ફેમીલી કોર્ટમાં ભરણપોષણ અંગે ફરીયાદ કરેલી અને ત્યારબાદ હાલની ફરીયાદ કરેલી.

ત્યારબાદ સદરહું સાહેદે આરોપી તર્ર્ફેની ઉલટતપાસમા એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી નથી કે મારી બહેનને તેના સાસરીયાઓ દુ:ખત્રાસ આપતા તે હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે મારી બહેનને ભરણપોષણ અંગે અરજી કરેલી તેમા રૂા. ૭૦૦૦/- મંજુર થયેલ. એ વાત ખરી નથી કે રૂા. ૭૦૦૦/- ભરણપોષણ અમને ઓછા પડેલા તેથી મારી બહેને હાલની ફરીયાદ કરેલ છે. હું છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટ રહુ છું. પોલીસે મારી કોઇ પુછપરછ કરેલી નથી. એ વાત ખરી છે કે મારી બહેનને તેના સાસરીયાઓ મારકુટ કરેલ હોય અને તે સંબંધે મારી બહેને સારવાર લીધેલ નથી. એ વાત ખરી નથી કે મારકુટ થયેલાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે મારી હાજરીમા મારી બહેન સાથે દુ:ખત્રાસનો કોઇ બનાવ બનેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મારી બહેને હાલની ફરિયાદ કરેલ તે સમયે હું રાજકોટ રહેતો હતો. હાલની ફરિયાદ મારા કહેવા પ્રમાણે આજથી ત્રણથી સાડા ત્રણ વર્ષ પહલા દાખલ થયેલી. એ વાત ખરી

નથી કે ફરિયાદી મારા બહેન હોય તેની ફરિયાદના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

ત્યારબાદ સદરહું સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમા એવી હકીકત સ્વીકારેલ છે કે, હું શાપર વેરાવળ–રાજકોટ મુકામે રહુ છુ અને ગીતાબેનના લગ્ન પહેલા મારા લગ્ન થઇ ગયેલા. એ વાત ખરી છે કે, મારી બહેન સાથે જે દુ:ખત્રાસનો બનાવ બનેલાનુ જણાવુ છુ તે કોરોનાકાળ હોય તે સમયે મારા પિયરમાં આવન જાવન ઓછી હતી. એ વાત ખરી છે કે મારે ગીતાબેનની સાસરીમા જવાનો કોઇ પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે મારે કોઇની સાથે કોઇ ચર્ચા થયેલ નથી. એ વાત ખરી નથી કે ફરિયાદી મારા બહેન હોય તેને કોઇ દુ:ખત્રાસ, ગાળા ગાળી મારકુટ કે સંભરામણી કરેલ ન હોવા છતા તેની ફરિયાદના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

(૧૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૬ થી સાહેદ **ભારતીબેન રવિભાઇ ટુકડીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, મારી બહેન ગીતાના લગ્ન ગઈ તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ રાણાવાવ મુકામે અમારી જ્ઞાતીના રીવાજ મુજબ સમુહમાં થયેલા. મારી બહેનના લગ્ન ધ્વારકા જીલ્લાના વડવાળા ગામના અનીલ સવજીભાઈ ધોકીયા સાથે થયેલા અને લગ્નબાદ મારી બહેન વડવાળા પોતાના સાસરીયા સાથે રહેવા ગયેલ હતા અને મારી બહેનને બે મહીના બરોબર ચાલેલુ ત્યારબાદ મારી બહેન ગીતાનો ફોન આવેલો અને અમોને જણાવેલ કે, મારી બહેનના સાસરીયા વાળોઓ માનસીક દુ:ખત્રાસ આપે છે અને ગાળો આપતા અને સંભરામણી કરી મારકુટ પણ કરતા હતા. ત્યારબાદ મારા બહેનનો ફોન આવતા મારા પિતા મારી બહેનને તેડવા માટે ગયેલા અને મારી બહેનને તેડી લાવેલ.

(૧૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૯ થી સાહેદ **રમણીકભાઇ સુરાભાઇ ગોહેલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, બનાવની તારીખ હાલ મને યાદ નથી.બનાવ આશરે બે ત્રણ વર્ષ પહેલા બનેલો.મારા જાણીતા સવજીભાઈ ધોકીયાના દિકરા અનીલનુ સગપણ મે ગોરસર ગામના મારા બનેવીના દિકરા કારાભાઈની દિકરી સાથે

કરાવેલુ જે બંનેના લગ્ન રાણાવાવ મુકામે સમુહ લગ્નમાં થયેલા ત્યારપછી મને કારાભાઈનો ફોન આવેલો અને કહેલ કે હું મારી દિકરીને તેડવા આવેલ છુ કારણ કે મારે તેને માધવપુર મેળામાં લઈ જવી છે આવી વાત કરેલી. કારાભાઈની દિકરીને તેના સાસરીમાં કોઈ તકલીફ હોય તેવી મને જાણ નથી મને કારામાઈ અને સવજીભાઈના પરીવાર વચ્ચે કોઈ પ્રોબ્લમ થયેલ હોય તે અંગે કાંઈ માહીતી નથી. હું ગોરસર કારાભાઈના ઘરે અનીલ અને કારાભાઈની દિકરી વચ્ચે ઝઘડો થયેલ હોય જેના સમાધાન માટે ગયેલ અને મેં કારામાઈને સમાધાન કરી લેવા સમજાવેલ તો કારાભાઈએ કાંઈ જવાબ આપેલ નહીં. આ સિવાય આ બે વચ્ચે બીજો કોઈ ઝઘડો ન હતો.આ સિવાય હું કાંઈ કહેવા માંગતો નથી. આમ, આ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામા ઉલટતપાસમા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

ત્યારબાદ આરોપી તર્ફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સંબંધે મને કોઇ માહીતી નથી. એ વાત ખરી છે કે મે આ સંબંધ કરાવેલ હોય જેથી સમાધાન કરવા સમજાવવા માટે બોલાવેલ એ સીવાય મને અન્ય કોઇ માહીતી નથી.

**<u>ત.ક.અ.નો પુરાવો:-</u>**

(૧૪) ત્યારબાદ આ કામે આંક-૨૧ થી ત.ક.અ અંકીતકુમાર અરજનભાઈ ડોડીયાને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, ગત તા. ૨૫/૦૧/૨૦૨૫ ના રોજ અમો મધવપુર પો.સ્ટે.માં પ્રોબેશ્નલ પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને હાલમા અમો કબા. પો.સ્ટે.માં પી.એસ.આઇ તરીકે ફરજ બજાવીએ છીએ. ગત. તા. ૨૫/૦૧/૨૦૨૫ ના અરસામા માધવપુર પો.સ્ટે. ખાતે હાજર હતા તે દરમિયાન ફરિયાદી ગીતાબેન વા/ઓ અનીલ સવજી ધોકીયાનાઓએ પો.સ્ટે.ને રુબરુ આવી અમારા રુબરુ ફરિયાદ દાખલ કરાવેલ જે ફરિયાદ અમોએ લઇ લીધેલ અને ગુનો રજીસ્ટર કરેલ જેમા ફરિયાદીએ મારા રુબરુ પોતાની સહી કરેલ તેમજ રુબરુ તરીકે મે મારી સહી કરેલી.ત્યારબાદ સદર ગુનો માધવપુર પો.સ્ટે ગુ.ર.નં. ૨૭/૨૫ થી નોંધી આ કામની આગળની તપાસ ફરિયાદ તથા સાધનીક કાગળો સાથે અમોને સોંપતા અમોએ તપાસ

સંભાળી લીધેલ. અમોને તપાસ મળતા અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ અને સમગ્ર તપાસના અંતે આ કામના આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા હાલનુ ચાર્જશિટ કરેલ.

ત્યારબાદ આરોપી તરર્ફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, મારી તપાસ દરમ્યાન હાલના ફરીયાદીએ હાલના આરોપીઓ સામે આજ પ્રકારની અલગ થી ફરીયાદ આપેલ હોય તેવી હકીકત ખુલવા પામેલ નથી.એ વાત ખરી છે કે અમારા પોલીસ સ્ટેશનમાં જો કોઈ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય તો તેનુ રેકર્ડ અમારા પોલીસ સ્ટેશનમાં હોય છે.એ વાત ખરી નથી કે ૧૬/૦૯/૨૦૨૨ ના રોજ આ કામના ફરીયાદીએ હાલના તમામ આરોપીઓ વિરુધ્ધ માધવપુર પોલીસ સ્ટેશનમાં દુ:ખત્રાંસ અંગે ફરીયાદ દાખલ કરેલ હતી.સાહેદ જણાવે છે કે અરજી કરેલી હતી.તપાસના કામે મે અમુક સાહેદોના નિવેદનો પોલીસ સ્ટેશનમાં લીધેલા અને અમુકના તેઓના ઘરે જઈને લીધેલા.ફરીયાદીએ પોતાની ફરીયાદ મૌખિક આપેલી હતી.એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો મે ફરીયાદ અનુરૂપ મારી રીતે નોધી લીધેલ સાહેદોના લખાવ્યા મુજબ લખેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં "ફરીયાદમાં વકીલશ્રીએ મને જણાવેલ કે તમારો કરીયાર તથા ઘરેણા મેળવવા માટે પહેલા ફરીયાદ દાખલ કરવી પડશે ત્યારબાદ આપણે કોર્ટમાં દાવો દાખલ કરશુ તેમ જણાવેલ હોય ફરીયાદ કરવા આવેલ છે" તેવુ લખાવેલ છે.એ વાત ખરી નથી કે ફરીયાદીએ આરોપીઓ કોઈ દુ:ખત્રાંસ આપેલ ન હોવા છતા કરીયાવર તથા ઘરેણા મેળવવા માટે ખોટી ફરીયાદ આપેલી.એ વાત ખરી છે કે કરીયાદવર અંગેનુ કોઈ લીસ્ટે અમારી સમક્ષ રજુ કરેલ નથી કે ફરીયાદ સાથે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આરોપીઓ સામે પુરતો પુરાવો ન હોવા છતા તેઓ સામે ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**<u>પુરાવાકીય મુલ્યાંકન :</u>**

(૧૫) ફોજદારી કેસના સર્વ સામાન્ય નિયમ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપીઓ વિરુધ્ધ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે. હાલના કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામના આરોપીઓએ એકબીજાની

મદદગારી કરી ફરીયાદીને આસરે બે વર્ષ અને ૧૧ મહિના પહેલા નાની–નાની વાતમાં તથા ઘરકામ બાબતે શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપી, ભુંડી ગાળો કાઢી, માર મારી આઇ.પી.સી. કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

(૧૫.૧) હાલના કામે ઉપસ્થિત થયેલ મુદ્દાના અનુસંધાને ફરીયાદપક્ષેથી રજુ કરવામાં આવેલ પુરાવો મુલવવામાં આવે તો, ફરીયાદપક્ષેથી આરોપીઓ પર ઇ.પી.કોડ કલમ ૪૯૮(ક) મુજબનો આરોપ મુકવામાં આવેલ છે કલમ ૪૯૮(ક)માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો, **498-A. Husband or relative of husband of a woman subjecting her to cruelty.—Whoever, being the husband or the relative of the husband of a woman subjects such woman to cruelty, shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.**

*Explanation.*—For the purposes of this section, “cruelty” means—

(*a*) any wilfull conduct which is of such a nature as is likely to drive the woman to commit suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or physical) of the woman ; or

(*b*) harassment of the woman where such harassment is with a view to coercing her or any person related to her to meet any unlawful demand for any property or valuable security or is on account of failure by her or any person related to her to meet such demand.

આમ, ઉપરોક્ત વ્યાખ્યા જોતા ઇ.પી.કોડ કલમ ૪૯૮(ક) ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

The points requiring proof are—

(1) a woman was married;

(2) she was subjected to cruelty;

(3) such cruelty consisted of—(*a*) any conduct as was likely to drive such woman to commit suicide or to cause grave injury or danger to her life, limb or health-mental or physical. (*b*) harm of

such woman with view to coercing her to meet unlawful demand for property or valuable security or on account of failure of such woman or any other of her relation to meet the unlawful demands. જે કાયદાકીય જોગવાઈ તથા તેના આવશ્યક તત્વો નજર સ્મક્ષ રાખી આ કામે રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતા,

(૧૫.૨) હાલના કામે ફરીયાદીની ફરીયાદ તથા તમામ સાહેદોની જુબાની પરથી ફરીયાદી તથા આરોપી નંબર ૧ ના લગ્ન તા: ૨૬.૦૧.૨૦૨૨ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તેમજ લગ્નબાદ ફરીયાદી આરોપી નંબર ૧ સાથે પોતાની સાસરીમાં રહેવા ગયેલ હોવાનુ માત્ર એક દોઢ માસ પોતાની સાસરીમાં રહેલ હોવાનુ જણાઈ આવે છે.

(૧૫.૩) આ કામે ફરીયાદી પોતાની આંક ૦૯ ની જુબાનીમાં જણાવે છે કે, આરોપી નંબર ૧ સાથે તેઓના લગ્ન થયાબાદ તેઓ પોતાની સાસરીમાં રહેવા માટે ગયેલા અને ત્યાં આરોપીઓ એક સંપ કરીને મેણા ટોણા મારતા તથા કરીયાવરની માંગણી કરતા હતા અને તેઓના દિયર તેઓને અડપલા કરતા હતા. જ્યારે પોતાની ફરીયાદમાં તેઓના દિયર તેઓને અડપલા કરતા હોય તે સંબધે કોઈ હકિકત તેઓએ લખાવેલ હોય તેવુ બનેલ નથી. તેમજ ફરીયાદી પોતાની ઉલટ તપાસમાં જણાવે છે કે, " *એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં "હું મારા વકીલને મળતા મારા વકીલશ્રીએ મને જણાવેલ કે તમારો કરીયાવર તથા ઘરેણા મેળવવા માટે પહેલા ફરીયાદ દાખલ કરવી પડશે ત્યારબાદ આપણે કોર્ટમાં દાવો દાખલ કરશુ તેમ જણાવેલું તેથી આજરોજ હું મારા પિતાજી કારાભાઈ નથુભાઈ છાંયા સાથે માધવપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છુ" તેવુ લખેલ છે."* તથા *"એ વાત ખરી છે કે મે કરેલ ભરણ પોષણની અરજી તથા ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની અરજી લગત મને મારા કરીયાવરની વસ્તુઓ પરત મળેલ ન હોય તેથી મે હાલની ફરીયાદ આપેલી".* આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતા આ કામના ફરીયાદીએ પોતાની કરીયાવરની વસ્તુઓ પરત મેળવવા માટે હાલની ફરીયાદ કરેલ હોવાનુ કબુલ કરેલ છે.

(૧૫.૪) વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ કારાભાઈ નથુભાઈ છાંચા પણપોતાની આંક ૧૨ ની જુબાનીમાં આરોપીઓ તેઓની દિકરીને ત્રાસ આપતા હોવાની હકીકત જણાવે છે પરંતુ સદર સાહેદ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે તેઓની દિકરી પોતાની સાસરીમાં બે મહીના જેટલો સમય રહેલ ત્યારબાદ પિયર આવી ગયેલ છે અને પરત ગયેલ નથી. તેમજ તેઓની દિકરીએ હાલની ફરીયાદ પોતાના ઘરે આવી ગયા બાદ અંદાજે અઢી વર્ષ બાદ આપેલ છે. તેમજ સદર સાહેદ પણ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે તેઓના વકીલ સાહેબે કરીયાવર અને ઘરેણા મેળવવા માટે પહેલા ફરીયાદ દાખલ કરવી પડશે ત્યારબાદ આપણે કોર્ટમાં દાવો દાખલ કરીશુ તેવુ જણાવેલ હોવાનુ જણાવે છે. જે હકીકત સાહેદ ચંપાબેન કારાભાઈ છાંચા પણ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે. આમ, ફરીયાદી તથા તેઓના માતા–પિતા કરિયાવર અને ઘરેણા મેળવવા હાલની ફરીયાદ કરેલ હોવાની હકીકતને કબુલ કરતા હોવાનુ જણાઈ આવે છે. તેમજ સાહેદ નિલેષભાઈ કારાભાઈ છાંચા પોતાની આંક ૧૫ ની જુબાનીમાં જણાવે છે કે તેઓની બહેનને તેની સાસરીમાં માનસીક દુ:ખ ત્રાસ આપે છે અને ગાળો આપતા હતા અને સંભરામણી અને મારકુટ કરતા હતા તેથી તેઓના પિતા તેમની બહેનને તેડી લાવેલ હતા. પરંતુ સદર સાહેદ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે પોલીસે તેઓની કોઇ પુછપરછ કરેલ નથી તેમજ તેની બહેને મારકુટ સાંબધે કોઈ સારવાર લીધેલ હોય તેવુ પણ બનેલ નથી. તેમજ સાહેદ ભારતીબેન રવિભાઈ ટુકડીયા પોતાની આંક ૧૬ ની જુબાનીમાં જણાવે છે કે તેઓની બહેને તેમને જણાવેલ કે તેણીને તેની સાસરીમાં માનસીક દુ:ખ ત્રાસ આપતા અને ગાળો આપતા અને મારકુટ કરતા હતા. આમ,હાલના કામે તમામ સાહેદો ફરીયાદીને તેની સાસરીમાં દુ:ખ ત્રાસ હોવાનુ તથા આરોપીઓ મારકુટ કરતા હોવાનુ તથા ગાળો આપતા હોવાનુ જણાવે છે પરંતુ આ કામે એકપણ સાહેદ તેમજ ફરીયાદી પોતાની જુબાનીમાં આરોપીઓ કેવા પ્રકારનો દુ:ખ ત્રાસ આપતા હતા તે બાબતે કોઈ હકીકત જણાવતા નથી. આમ, માત્ર દુ:ખ ત્રાસ હોવાનુ કહેવાથી આ કામના આરોપીઓએ ફરીયાદીને દુ:ખ ત્રાસ આપેલ છે તે હકીકત સાબિત થયેલ માની શકાય નહી. વધુમાં હાલના કામે ફરીયાદીએ આરોપી નંબર ૧ સામે

ભરણપોષણનો કેસ કરેલ હોવાનુ સ્વીકાર કરે છે તે સમયે પણ ફરિયાદીએ શારીરીક માનસીક ત્રાસ સંબધેની કોઈ ફરીયાદ દાખલ કરેલ હોય તેવુ બનેલ નથી. હાલની ફરીયાદ ફરીયાદી દ્વારા તેઓએ પોતાની સાસરીનુ ઘર છોડી પોતાના પિયર આવી ગયા બાદ અંદાજે ત્રણ વર્ષ બાદ દાખલ કરેલ છે. અને પોતાની ઉલટ તપાસમાં પોતાનો કરીયાવરનો સામાન અને ઘરેણા પરત મેળવવા માટે ફરીયાદ દાખલ કરેલ હોવાનુ કરેલ છે. વધુમાં આ કામે ફરીયાદીએ આ કામના આરોપીઓ દ્વારા તેઓને મારકુટ કરવામાં આવેલ હોય તે સંબધે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં હાલના કામે ફરીયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ સાહેદ રમણીકભાઇ સુરાભાઇ ગોહેલ પોતાની આંક ૧૯ ની જુબાનીમાં આ કામના આરોપીઓ દ્વારા ફરીયાદીને શારીરિક માનસિક ત્રાસ આપેલ હોવાની હકીકતનો સાફ શબ્દોમાં ઈનકાર કરેલ છે. જે સાહેદ પોતાની જુબાનીમાં આ કામના ફરીયાદી અને આરોપી નંબર ૧ વચ્ચે ઝગડો થયેલ હોય જેના સમાધાન માટે ફરીયાદીની સાસરીમાં ગયેલ હોવાનુ જણાવે છે. જે અનુસંધાને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલ " ઈન્દ્રાસીંગ એમ રાઓલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત " ૧૯૯૯(૩) જી.એલ.આર પાના નંબર ૨૩૫૬ ના ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, ***Solitary incident of cruelty whether can be basis for conviction under Sec. 498(A) of I.P.C. Held in the negative. Prosecution has to establish that cruelty and harassment was incessant, persistent and unbearable. Held further, it must be established that cruelty and harassment was with the intention to force the woman to commit suicide or to fulfill unlawful demand for property etc.*** આમ,ફરીયાદપક્ષનો કેસ ધ્યાને લેતા ઈ.પી.કોડ કલમ ૪૯૮(ક) ના તત્વો તથા ઉપર જણાવેલ ચુકાદો ધ્યાને લેતા આરોપીઓ દ્વારા ફરીયાદીને મ્હેણા ટોણા મારી કે દહેજની માંગણી કરી શારીરીક માનસીક ત્રાસ આપવામાંઆવેલ હોય અને તે ત્રાસ ના કારણે ફરીયાદી પોચે આપઘાત કરવા સુધી પ્રેરાય તેવી કોઇ પરિસ્થિતીનુ નિર્માણ થયેલ હોય તેમ ફરીયાદપક્ષના પુરાવા આધારે જણાઇ આવતુ નથી, જે સંજોગોમાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીને શારીરીક માનસીક ત્રાસ

આપેલ હોય કે ભુંડી ગાળો આપેલ હોય તેવુ  ફરીયાદપક્ષ રેકર્ડ પર નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર ર લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુકમ</u> ::–**

**૧.** આ કામે હાલના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ઇ.પી.કોડની કલમ- ૪૯૮(ક), ૩ર૩, ૫૦૪ મુજબના ગુના સબબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં  આવે છે.

**ર.** આ કામે આરોપીઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમયના રૂ.૧૫,૦૦૦/– અંકે પંદર હજારના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩ મી માહે માર્ચ સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તા. ૧૩/૦૩/ર૦ર૬**
**પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, પોરબંદર**
**GJ**01130